# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-07-2024 Evening : 7.50 to 8.00
Day : Wednesday National News

## આકાશવાણી- સમાચાર **સંસ્કૃતિ ભૂડિયા** વાંચે છે.

**************************************************

- કેરળના વાયનાડમાં ભૂસ્ખલન હોનારતમાં મૃત્યુઆંક વધીને 200થી વધુ થયો, હજી પણ કેટલાક લોકો દટાયેલા હોવાની શકયતા.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાયનાડ ભૂસ્ખલન મામલે અપાયેલી ચેતવણી પર કેરળ સરકારની પ્રતિક્રિયાની ટીકા કરી
- યુનેસ્કો વિશ્વ ધરોહર સમિતિની 46મી બેઠકનું નવી દિલ્હી ખાતે સમાપન થયું
- હમાસના રાજકીય પ્રમુખ ઇસ્માઇલ હાનિયેની ઇરાનના તહેરાનમાં હત્યા
- અને ઓલિમ્પિકમાં બૉક્સર લવલીનાએ 75 કિલોગ્રામ વર્ગ શ્રેણીની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## KERALA LANDSLIDE

કેરળના વાયનાડ જિલ્લામાં ભૂસ્ખલન હોનારતનો મૃત્યુઆંક 200થી વધુ થયો છે. સૈન્ય, NDRF તેમજ SDRFની ટુકડીઓએ સાથે મળીને અંદાજે એક હજારથી વધુ લોકોને બચાવ્યા છે.

અમારા આકાશવાણી સંવાદદાતા જણાવે છે કે વાયનાડ જિલ્લાના ચુરામાલા અને મુંડાકઈમાં ભૂસ્ખલનની ઘટનાઓ બની હતી. બચાવ ટુકડીઓએ આજે

વધુ કેટલાક મૃતદેહો બહાર કાઢ્યા હતા. જોકે હજી પણ 190થી વધુ લોકો ગૂમ છે, જેને પગલે મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

સત્તાવાર આંકડાઓ અનુસાર અંદાજે 190 લોકો જુદી જુદી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. અંદાજે 3000 જેટલા નાગરિકોએ વાયનાડમાં ઉભી કરાયેલ રાહત શિબિરોમાં શરણ લીધી છે.

રાહત અને બચાવકાર્ય ઝડપી બનાવવા સૈન્યએ મુંડાકઈમાં બ્રીજનું નિર્માણ કર્યું છે. રાજ્ય સરકારે સ્થાનિક લોકોને દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારથી દૂર રહેવા સલાહ આપી છે. દરમિયાન મુખ્યમંત્રીએ પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.

## REV. RS-HM WAYANAD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક નિવેદનમાં જણાવ્યું છે કે કેરળ સરકારને ગત 23 તારીખે વાયનાડમાં ભારે વરસાદ અને ભૂસ્ખન અંગે ચેતવણી અપાઈ હતી, ત્યાર બાદ 24 અને 25 જુલાઈના રોજ પણ આગાહી વિશે જાણ કરાઈ હતી.

રાજ્યસભામાં વાયનાડ હોનારત વિશે વાત કરતા શ્રી શાહે જણાવ્યું કે 26મી જુલાઈએ ફરી 20 સેન્ટિમીટરથી કરતા વધુ વરસાદ, ભૂસ્ખલન, કાદવ પ્રવાહ અને જાનહાની વિશે ચેતવણી આપવામાં આવી હતી.

વધુમાં તેમણે જણાવ્યું કે, નવ જેટલી રાષ્ટ્રીય આફત બચાવ ટુકડીઓ હોનારત પહેલાં જ કેરળ મોકલવામાં આવી હતી, આમ છતાં કેરળ સરકારે પીડિતોને ઉગારવામાં વિલંબ કર્યો.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે જો રાજ્ય સકકારે NDRF ટુકડીઓના આગમનને લઈને સતર્કતા દાખવી હોત, વાયનાડમાં જાનહાની ઓછી કરી શકાઈ હોત. વધુમાં શ્રી શાહે જણાવ્યું કે ભારત વિશ્વના એ ચાર દેશોમાં સામેલ છે, જે કુદરતી આફતોની આગાહી સાત દિવસ પૂર્વે કરવા માટે સક્ષમ છે. આ પૂર્વે ઓડિશા અને

ગુજરાત સહિતના રાજ્યોએ આ પ્રણાલીનો ઉપયોગ કરીને જાનમાલના નુકસાનને અટકાવ્યું હતું.

શ્રી શાહે કહ્યું કે આ આફતના સમયમાં મોદી સરકાર કેરળ સરકાર સાથે અડગ ઉભી છે.

## FM ON BUDGET

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે કેન્દ્રીય બજેટ - વિકાસ, રોજગાર, કલ્યાણ, મૂડી રોકાણ અને નાણાકીય એકત્રીકરણ જેવી પ્રાથમિકતા ઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવે છે. કેન્દ્રીય બજેટ અંગે રાજ્યસભામાં ચર્ચા દરમિયાન શ્રી સીતારમણે જણાવ્યું કે, સરકાર સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ હેતુ સાથે કામ કરી રહી છે. નાણામંત્રીએ કૃષિ ક્ષેત્રમાં ફાળવણીમાં ઘટાડો કરવાના વિપક્ષના આરોપોને ફગાવી દીધા હતા. વધુમાં તેમણે જણાવ્યું કે, શિક્ષણ, રોજગાર અને કૌશલ્ય માટે 1.48 લાખ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

## LS-VAISHNAW BULLET TRAIN

સરકારે આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નનાં જવાબમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, દેશમાં પ્રથમ વાર દરિયાની 30 મીટર નીચે 21 કિલોમીટર લાંબી ટનલનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, પ્રોજેક્ટ અંતર્ગત 320 કિલોમીટરનું માળખાકીય કામ પૂર્ણ થઈ ગયું છે અને આત્મનિર્ભર ભારત ઝૂંબેશ હેઠળ અનેક પહેલ ચાલી રહી છે.

## SIKKIM-OM PRAKASH SWORN-IN

ઓમ પ્રકાશ માથુરે સિક્કિમના 18માં રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા છે. સિક્કિમ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ બિશ્વનાથ સોમાદ્દેરે પદ અને ગોપનિયતાના શપથ અપાવ્યા હતા. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી પ્રેમ સિંગ તમાંગ,

રાજ્ય મંત્રી મંડળના સભ્યો અને મંત્રીઓ, ધારાસભ્યો તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## RAJASTHAN-GOVERNOR-OATH

હરિભાઉ કિશનરાવ બાગડેએ રાજસ્થાનના રાજ્યપાલ પદે શપથ ગ્રહણ કર્યા હતા. રાજસ્થાન ઉચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ મહિન્દ્રા મોહન શ્રીવાસ્તવે શ્રી બાગડેને રાજ્યપાલ પદે શપથ અપાવ્યા હતા.

## UNESCO CONFERENCE

યુનેસ્કો વિશ્વ ધરોહર સમિતિની 46મી બેઠકનું નવી દિલ્હીમાં આજે સમાપન થયું છે. ભારત આ વર્ષે આ બેઠકનું યજમાન હતું, સાથે જ તેની અધ્યક્ષતા પણ કરી હતી. આ સત્ર દરમિયાન યુનેસ્કોએ 24 નવા સ્થાનોને વિશ્વ ધરોહર યાદીમાં સ્થાન આપ્યું છે, જેમાં આસામનું મોઇદામ પણ સામેલ છે.

## HAMAS LEADER KILLED

હમાસના રાજકીય પ્રમુખ ઇસ્માઇલ હાનિયેહની ઇરાનના તહેરાનમાં હત્યા કરી દેવાઈ છે. ઇરાનના ઇસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કૉર્પ્સે આજે એક નિવેદનમાં જણાવ્યું કે, હાનિયેહ અને તેમના અંગરક્ષકને ઇરાનની રાજધાની સ્થિત તેમના નિવાસે ઠાર મારવામાં આવ્યા હતા.

તેઓ ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયાનના શપથ  સમારોહમાં ભાગ લેવા માટે તહેરાન પહોંચ્યા હતા. હનિયેહ હમાસનો મુખ્ય ચહેરો હતા, તેઓ કેટલીક શાંતિ બેઠકોમાં પણ સક્રીય રીતે સામેલ હતા

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ સમાચાર આપ અમારી .

Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ સમાચાર માટે  .

આપઅમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## REV NEW PARIS OLYMPICS- EVENTS

આજે પેરિસ ઑલિમ્પિકમાં પાંચમો દિવસ ભારતીય ખેલાડીઓ માટે નિર્ણાયક રહ્યો. ભારતીય બૉક્સર લવલીના બોર્ગોહેને મહિલાઓ માટેની 75 કિલોગ્રામ વર્ગ શ્રેણીના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. લવલીનાએ નોર્વેની ખેલાડી સુન્નિવા હૉફસ્ટેડને હરાવીને 16 રાઉન્ડની મેચ જીતી લીધી હતી.

બેડમિન્ટનમાં પીવી સિંધુ અને લક્ષ્ય સેને 16માં રાઉન્ડમાં પ્રવશે કર્યો. પીવી સિન્ધુએ ક્રિસ્ટિન કુબાને માત્ર 34 મિનિટમાં 21-5, 21-10થી હરાવી હતી.

બેડમિન્ટન પુરુષ સિંગલ્સમાં લક્ષ્ય સેને જોનાથન ક્રિસ્ટીને 21-18,21-12થી હરાવીને અંતિમ 16માં પ્રવેશ કર્યો છે.

શૂટિંગમાં સ્વપ્નિલ કુસાલે 590 અંકો સાથે 7માં સ્થાને રહીને પુરુષોની 50 મીટર, રાઇફલ થ્રી પોઝિશન સ્પર્ધામાંની ફાઇનલ માટે ક્વોલિફાઈ કરી લીધું છે. જોકે આ જ સ્પર્ધામાં ઐશ્વરી પ્રતાપ ટોચના 8 ખેલાડીઓમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યા હતા.

અશ્વારોહણમાં ભારતના અનુષ અગ્રવાલાએ ગ્રુપ Eમાં 66.444 અંક સાથે 9મું સ્થાન મેળવ્યું હતું. તો ટેબલ ટેનિસમાં, શ્રીજા અકુલાએ રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ કર્યો હતો. અકુલા સિંગાપોર પેડલર સામે પ્રથમ ગેમ 11-9થી હારી ગઈ હતી, પરંતુ ત્યારબાદની ત્રણ ગેમ 12-10થી જીતીને મજબૂત વાપસી કરી હતી.

દરમિયાન, મહિલા 54 કિલોગ્રામ વજન શ્રેણીના રાઉન્ડ ઓફ 16 બોક્સિંગ મેચમાં, પ્રીતિ પવાર કોલંબિયાની ખેલાડી સામે હારી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે શૂટિંગમાં ભારતે અત્યાર સુધીમાં બે કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

## RS- NIRBHAYA FUND

સરકારે વર્ષ 2023-24માં નિર્ભયા ફંડ અંતર્ગત કુલ 7 હજાર 212 કરોડ, 85 લાખ રૂપિયાના ભંડોળની ફાળવણી કરી છે. કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ

મંત્રી અન્નપૂર્ણા દેવીએ રાજ્યસભામાં આપેલા લેખિત જવાબમાં જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં વિવિધ મંત્રાલયો તેમજ ખાતાઓ દ્વારા અંદાજે 5 હજાર કરોડ રૂપિયાના નિર્ભયા ફંડનો ઉપયોગ કરાયો છે, જે કુલ ફાળવણીના લગભગ 76 ટકા જેટલું છે.

## BJP CONGRESS

ભાજપે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે જાતિગત વિવાદ છેડવાનો આરોપ મૂક્યો છે. નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું કે, જો શ્રી ગાંધી પત્રકારો, અધિકારીઓ અને ન્યાયાધીશો સહિત અન્ય લોકોની જાતિઓ પર પ્રશ્ન કરી શકે છે, તો તેમણે પણ આવા સવાલોના જવાબ આપવા જોઈએ.

તેમણે સ્પષ્ટતા કરી કે સાંસદ અનુરાગ ઠાકુરે લોકસભામાં કેન્દ્રીય બજેટ પર ચર્ચા કરતા રાહુલ ગાંધીની જાતિનો ઇરાદાપૂર્વક ઉલ્લેખ કર્યો ન હતો, આમ છતાં શ્રી ગાંધીને તેમનું અપમાન થયાનું લાગ્યું, અને વિપક્ષે ગૃહમાં હોબાળો કર્યો.

શ્રી પાત્રાએ કહ્યું કે, ગૃહના કેટલાક નિયમો છે, અને દરેક સાંસદે તેનું પાલન કરવું જોઈએ, વધુમાં તેમણે ઉમેર્યું કે ગૃહમાં પ્રિન્ટેડ ફોટો દર્શાવવો નિયમો વિરુદ્ધ છે, ભૂતકાળમાં અધ્યક્ષ દ્વારા આ વિશે ઘણી વાર ટકોર કરવા છતાં રાહુલ ગાંધીએ નિયમોની અવગણના કરી છે.

## POOJA KHEDKAR

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSC એ પૂજા ખેડકરની કામચલાઉ ઉમેદવારી રદ કરી છે, સાથે જ ભાવિ પરીક્ષાઓ માટે તેમની ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ ફરમાવ્યો છે. UPSC એ એક નિવેદનમાં જણાવ્યું છે કે ઉપલબ્ધ રેકોર્ડની તપાસ કર્યા બાદ પૂજા ખેડકર નિયમોનું ઉલ્લંઘન કરવા માટે દોષિત હોવાનું જાણવા મળ્યું છે.